રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧-૦૮-૨૦૧૭

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–લાઠી–યુનિટ–૬–૦૮૨૦૧૭

**લાઠી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લૉઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૩૬–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **લાઠી** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **લાઠી** નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–**૨૪** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એક્ટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૨૧૧૭૩ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૩૫૨૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે ૬ વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૬ | ૩૧૩૮ | ૮૪૦ | ૨૬.૭૬ |
| ૨ | ૧ | ૩૬૧૪ | ૫૭૪ | ૧૫.૮૮ |
| ૩ | ૨ | ૩૫૮૭ | ૨૮૧ | ૭.૮૩ |
| ૪ | ૩ | ૩૭૯૫ | ૫ | ૦.૧૩ |
| ૫ | ૫ | ૩૩૧૨ | ૩ | ૦.૦૯ |
| ૬ | ૪ | ૩૭૨૭ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૨૧૧૭૩ | ૧૭૦૩ | -- |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૬ અને ૧ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૬ અને ૧ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૬ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૧ | અનુસૂચિત જાતિ સ્ત્રી |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૬૧૪ | ૪૫ | ૧.૨૪ |
| ૨ | ૪ | ૩૭૨૭ | ૨૧ | ૦.૫૬ |
| ૩ | ૨ | ૩૫૮૭ | ૧૪ | ૦.૩૯ |
| ૪ | ૩ | ૩૭૯૫ | ૯ | ૦.૨૪ |
| ૫ | ૫ | ૩૩૧૨ | ૨ | ૦.૦૬ |
| ૬ | ૬ | ૩૧૩૮ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૨૧૧૭૩ | ૯૧ | -- |

૧૭. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨(બે) બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨(બે) બેઠકો પૈકી ૧(એક) પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

**લાઠી** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૬૧૪ | ૨૮૮૬ | ૭૯.૮૫ |
| ૨ | ૩ | ૩૭૯૫ | ૨૯૬૮ | ૭૮.૨૦ |
| ૩ | ૪ | ૩૭૨૭ | ૨૮૬૫ | ૭૬.૮૭ |
| ૪ | ૫ | ૩૩૧૨ | ૨૨૯૪ | ૬૯.૨૬ |
| ૫ | ૬ | ૩૧૩૮ | ૧૮૭૨ | ૫૯.૬૫ |
| ૬ | ૨ | ૩૫૮૭ | ૧૨૩૭ | ૩૪.૪૮ |
| | કુલ | ૨૧૧૭૩ | ૧૪૧૨૨ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ માં પછાતવર્ગની અને વોર્ડ નં.૩ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ—૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧ | પછાતવર્ગ |
| ૨ | ૩ | પછાતવર્ગ સ્ત્રી |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **લાઠી** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ—૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ—૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ—૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ—૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ **લાઠી** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોષી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ–૧

## લાઠી નગરપાલિકા, જિલ્લો : અમરેલી

### વોર્ડ નં.૧

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘરનંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧ | ૬૬ | ૩૮ | ૭૦૯ | ૧/૧/૧ થી ૧/૧/૧૭૩ | આલમગીરી હોટલ, સબ સ્ટેશન રોડ, કેરીયા રોડ મફત પ્લોટ |
| | ૨ | ૧૬૭ | ૦ | ૭૨૧ | ૧/૨/૧ થી ૧/૨/૧૬૬ | સબ સ્ટેશન કવાર્ટર, કેરીયા રોડ, વણકરવાસ, ખોડીયાર નગર |
| | ૩ | ૦ | ૦ | ૮૮૨ | ૧ /૩/૧ થી ૧/૩/૧૬૭ | રેલવે ફાટક, કેરીયા રોડ પ્રાથમિક શાળા વિસ્તાર, ખોડીયાર નગર |
| | ૪ | ૨૬૦ | ૭ | ૭૯૩ | ૧/૪/૧ થી ૧/૪/૧૬૪ | મહાવીરનગર, ખોડીયાર નગર, રેલવે સ્ટેશન, વણકરવાસ |
| | ૫ | ૮૧ | ૦ | ૫૦૯ | ૧/૫/૧ થી ૧/૫/૧૨૮ | મહાવીર નગર, વણકરવાસ, કોટ વિસ્તાર, દેવીપૂજક વાસ, વણકરવાસ |
| | કુલ | ૫૭૪ | ૪૫ | ૩૬૧૪ | | |

### વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

સર્વે નં.૬૨૯ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતાં સર્વે નં.૬૨૮, ૬૬૭/૧૩, ૬૭૬/૧,૬૬૭/૨૧, ૬૬૭/૨૨ની ઉત્તરની હદે હદે ઉપરના તમામ સર્વે નં.ને સમાવિષ્ટ કરી સર્વે નં.૬૬૭/૨૬ ના ઈશાન ખૂણાથી સુધી ત્યાંથી પૂર્વ તરફ સર્વે નં.૬૬૭/૧૭,૬૬૭/૧૭/૧/૩ તથા ૬૬૨/૧,૬૬૨/૪,૬૬૨/૩ ને સમાવિષ્ટ કરી કલાપી હાઈસ્કૂલ, પોલીસ લાઈન, પોલીસ કવાર્ટર, મફત પ્લોટ, સબ સ્ટેશન રોડ, આલમગીરી રોડ આલમગીરીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં.૬૭૩/૧૩,૪૩૮,૫૯૫ નૈઋત્ય ખૂણા સુધી ત્યાથી પશ્ચિમ હદે હદે ૬૭૬/૧ થી રેલવે ક્રોસ ૬૭૬/૧ ને સમાવિષ્ટ કરી કેરીયા રોડ, વણકરવાસ, ખોડીયાર નગર, સબ સ્ટેશન કવાટર,મહાવીર નગર, KVRCC પ્લે ગ્રાઉન્ડને સમાવિષ્ટ કરી સર્વે નં.૬૨૯ નો વાયવ્ય ખૂણા સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

# લાઠી નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૨

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘરનંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૦ | ૦ | ૭૫૨ | ૧/૬/૧ થી ૧/૬/૨૭૭ | દયાનંદ આશ્રમ, ડાયમંડ ફેક્ટરી, બગીચા પ્લોટ, તાલુકા પંચાયત કચેરી સામે |
| | ૭ | ૦ | ૮ | ૬૦૨ | ૧/૭/૧ થી ૧/૭/૩૦૪ | બગીચા પ્લોટ, માર્કેટીંગ યાર્ડ, કુંડીવાડી રોડ, સ્ટેશન રોડ |
| | ૮ | ૨૮૧ | ૧ | ૭૭૧ | ૧/૮/૧ થી ૧/૮/૧૭૫ | પોલીસ સ્ટેશન, વાલ્મિકી વાસ,રામનાથ સોસાયટી, સ્ટેશન રોડ |
| | ૯ | ૦ | ૦ | ૮૨૧ | ૧/૯/૧ થી ૧/૯/૧૯૮ | રામનાથ સોસાયટી, કલાપી પાર્ક–૧ તથા–૨, પેલેસ રોડ |
| | ૧૪ | ૦ | ૫ | ૬૪૧ | ૧/૧૪/૧ થી ૧/૧૪/૨૩૮ | કલાપી પાર્ક, પાંજરાપોળ, અસ્તાપીર શેરી, રામજી મંદિર |
| | કુલ | ૨૮૧ | ૧૪ | ૩૫૮૭ | | |

### વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

રેલવે ક્રોસ ચાવંડ રોડના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતા રેલવે લાઈનને સમાંતર સર્વે નં. ૬૬૭/૫૦, ૬૬૭/૪૯, ૬૬૭/૪૮ પી, ૬૬૭/૪૭/પી ને સમાવિષ્ટ કરી સર્વે નં.૬૬૭/૫૩ પાસેના રેલવે ક્રોસ ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરની હદે હદે ૬૬૭/૫૯ ના ઈશાન ખૂણા થઈ દક્ષિણ તરફ ૬૬૭/૬૧, ૬૬૭/૬૨, ૬૬૭/૭૯, ૬૬૭/૮૦,૬૬૭/૮૦/૨, ૬૬૭/૮૨, ૬૬૭/૪૪, ૬૬૭/૧૦૫ ૬૬૭/૮૮ રામપર રોડ ક્રોસ કરી સર્વે નં.૭૯ થઈ સર્વે નં.૭૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સર્વે નં.૭૩, ૫૦, ૫૪, ૫૩, ૫૮, ૫૯, ૫૯, ૬૦ ભરવાડ શેરી, મંગળપરા, દેસાઈ પ્લોટ, મંગળપરા વોટર વર્કસ, કલાપી પાર્ક, અસ્તાપીર શેરી, વાણીયા શેરીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમની હદે–હદે રામેશ્વર પ્રાથમિક શાળા, રામનાથ સોસાયટી, દુખ:ભંજન એરીયા, તાલુકા પ્રાથમિક શાળા, સર્કીટ હાઉસ, બગીચા પ્લોટ, APMC માર્કેટ, કુંડીવાડી ડાયમંડ ફેકટરી, સર્વે નં.૬૬૭/૬૭/૧, ૬૬૭/૫૧, ૬૬૭/૫, ૬૬૨/૫, ૬૬૨/૨,૬૬૭/૬૭/૧/૧૩ ને સમાવિષ્ટ ચાવંડ રોડ રેલવે ક્રોસ પાસેના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

# લાઠી નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૩

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘરનંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | ૧૦ | ૦ | ૪ | ૮૦૬ | ૧/૧૦/૧ થી ૧/૧૦/૨૫૯ | સેતાપાટી, ત્રિવેદી શેરી, ખવાસ શેરી, ગાગડીયા રોડ |
| | ૧૧ | ૦ | ૫ | ૭૮૮ | ૧/૧૧/૧ થી ૧/૧૧/૨૯૫ | ત્રિવેદી શેરી, મેઈન બજાર, પાવર હાઉસ રોડ, જૂનો કોળીવાસ |
| | ૧૨ | ૫ | ૦ | ૭૫૮ | ૧/૧૨/૧ થી ૧/૧૨/૫૨૦ | જૂનો કોળીવાસ, સ્ટેશન રોડ, ગુલાબ શોપીંગ સેન્ટર, અમરેલી રોડ |
| | ૧૩ | ૦ | ૦ | ૭૬૫ | ૧/૧૩/૧ થી ૧/૧૩/૨૨૬ | એરમાર્શલ બંગલો, સ્ટેશન રોડ, ભગતપરા, પોલીસ લાઈન, અમરેલી રોડ |
| | ૧૫ | ૦ | ૦ | ૬૭૮ | ૧/૧૫/૧ થી ૧/૧૫/૩૦૪ | અસ્તાપીર શેરી, વાણીયા શેરી, નીલકંઠ શેરી, મેઈન બજાર |
| | કુલ | ૫ | ૯ | ૩૭૯૫ | | |

### વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

સર્વે નં.૫૯૪ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતા ઉત્તરની હદે–હદે સર્વે નં.૬૭૭/૧/પી, સર્વેનં.૪૩૮ વેલનાથ મંદિરના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં સર્વે નં.૬૬૭/૧૧ ભગતપરા, સંઘવી ગર્લ્સ હાઈસ્કૂલ, તાલુકા પંચાયત ઓફિસ, શોપીંગ સેન્ટરના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં પૂર્વની હદે હદે સ્ટેશન રોડના સમાંતર ધર્મશાળા શોપીંગ, મ્યુનિસિપલ ઓફિસ, ભવાની ગાર્ડન, સર્વે નં.૬૬૭/૬૯ સરકારી હોસ્પિટલ, બી.એસ.એન.એલ.ટેલીકોમ ઓફિસ, વળીયા શોપીંગ સિનેમા પાછળ, ચુકો અને એસ.બી.આઈ.બેંક, પાડા શેરી, મહાજન વાડી, ભટ્ટ શેરી, વાણિયા શેરી, ડેર શેરી, ખાખચોક એરીયાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં દક્ષિણની હદે હદે સંઘવી શેરી, સેતાપાટી, ગાગડીયા ગેઈટ એરીયા, જૂનો કોળીવાસ સર્વે નં.૫૯૦, ૫૮૯ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફ સર્વે નં.૫૮૮ થઈ ઉત્તર તરફ પશ્ચિમની હદે–હદે સર્વે નં.૫૮૭ એરમાર્શલ બંગલો થઈ ૫૯૨/૨, ૫૯૨/૧ કલાપી તળાવને સમાવિષ્ટ કરી સર્વે નં.૫૯૪ ના વાયવ્ય ખૂણા સુધી સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

# લાઠી નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૪

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘરનંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૧૬ | ૦ | ૨ | ૬૮૮ | ૧/૧૬/૧ થી ૧/૧૬/૧૬૬ | નીલકંઠ શેરી, મંગળપરા, ખાખચોક, ભરવાડ શેરી |
| | ૧૭ | ૦ | ૦ | ૬૬૬ | ૧/૧૭/૧ થી ૧/૧૭/૧૯૨ | ભરવાડ શેરી, મંગળપરા, દરજી શેરી, મેઈન બજાર |
| | ૧૮ | ૦ | ૦ | ૮૩૭ | ૧/૧૮/૧ થી ૧/૧૮/૨૩૩ | લાડોલા શેરી, વાવડીયા શેરી, ખોખા ડાંગર ચોરો, બેગ ચોક |
| | ૧૯ | ૦ | ૧૫ | ૭૫૨ | ૧/૧૯/૧ થી ૧/૧૯/૨૫૩ | આહીર શેરી, નગીના મસ્જિદ, સંઘવી શેરી સામે, દરબારી ચોક |
| | ૨૦ | ૦ | ૪ | ૭૮૪ | ૧ /૨૦/૧ થી ૧/૨૦/૨૪૮ | દરબારી ચોક, શાકમાર્કેટ, સેતાપાટી, ગાગડીયા ગેઈટ |
| | કુલ | ૦ | ૨૧ | ૩૭૨૭ | | |

### વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :—

સર્વે નં.૫૮૯ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતાં ઉત્તરની હદે—હદે ગ્રેવયાર્ડ સર્વે નં.૫૪૮, ૪૪૫ સેતાપાટી એરીયા, દરબારી ચોક, નીલકંઠ શેરી, સ્વામિનારાયણ મંદિર, લાડોલા શેરી, દરજી શેરી, ગોકુળનગર, સર્વે નં.૪૪/૨, ૪૫/૨, ૪૫/૧, ૪૫/૧, ૫૨, ૫૧/૩, ૫૦, ૭૩, ૭૪ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ પૂર્વની હદે—હદે સર્વે નં.૭૫ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દક્ષિણની હદે—હદે સર્વે નં.૭૬,૪૮ થઈ લુવારીયા ગેઈટ, કોળીવાસ, ગામતળ, બેગચોક, માનસરોવર તળાવ બાવજીપીર મસ્જિદ, સર્વે નં.૫૫૦ થઈ સર્વે નં.૫૮૯ સુધીનો વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

# લાઠી નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૫

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘરનંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૨૨/૧ | ૦ | ૦ | ૪૮૯ | ૧/૨૨/૧/૧ થી ૧/૨૨/૧/૮૯ | લુવારિયા દરવાજા પ્રાથમિક શાળા સામે, હરીશ્ચંદ્રપરા, ખળાવાડ બીજી શેરી, કુંભારવાડો |
| | ૨૨/૨ | ૦ | ૦ | ૬૧૨ | ૧/૨૨/૨/૧ થી ૧/૨૨/૨/૧૧૦ | કુંભારવાડો, હરીશ્ચંદ્રપરા , દેવીપૂજક વાસ, ગઢની રાંગ પાસે |
| | ૨૩ | ૩ | ૨ | ૬૩૯ | ૧/૨૩/૧ થી ૧/૨૩/૧૯૦ | દેવીપૂજક વાસ સામે, ખાદી કાર્યાલય વિસ્તાર, ઢીકુંડી પ્લોટ, ભીડભંજન અમરેલી રોડ |
| | ૨૪ | ૦ | ૦ | ૭૯૬ | ૧/૨૪/૧ થી ૧/૨૪/૧૯૮ | નાની બજાર, નવુ નાકું વિસ્તાર, કુંભારવાડા વિસ્તાર, વાવડીયા શેરી |
| | ૨૫ | ૦ | ૦ | ૭૭૬ | ૧ /૨૫/૧ થી ૧/૨૫/૧૫૪ | તલદાવડા વિસ્તાર, મંગળપરા વિસ્તાર, ભરવાડ શેરી વિસ્તાર, પાણીની ટાંકી |
| | કુલ | ૩ | ૨ | ૩૩૧૨ | | |

### વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :-

સર્વે નં.૫૫૩ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ ઉત્તરની હદે-હદે સર્વે નં.૫૫૦,૫૫૬,૪૪૫,ગઢની રાંગથી ઢીકુંડી પ્લોટ, દેવીપૂજકવાસ, ખાદી કાર્યાલય, પઠાણ ફળી, તલદાવડા વિસ્તારના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા પૂર્વની હદે-હદે નવા નાકાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દક્ષિણની હદે-હદે કુંભારવાડા, વાવડીયા શેરી સર્વે નં.૬૭૬/૧/પી, ભીડભંજન રોડ ક્રોસ થઈ સર્વે નં.૫૫૬ થઈ ત્યાંથી ઉત્તર તરફ પશ્ચિમની હદે-હદે સર્વે નં.૫૫૩ ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

# લાઠી નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૬

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘરનંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૨૧ | ૧૮૪ | ૦ | ૮૧૫ | ૧/૨૧/૧ થી ૧/૨૧/૧૭૭ | ખળાવાડ, વણકરવાસ, લુવારીયા દરવાજા પ્રાથમિક શાળા, કલાપી સમાધી |
| | ૨૬ | ૦ | ૦ | ૭૮૯ | ૧/૨૬/૧ થી ૧/૨૬/૧૯૨ | શાહગોરાપીર વાવ, તલદાવડા, ગોકુળનગર, નાની બજાર |
| | ૨૭ | ૦ | ૦ | ૭૩૮ | ૧/૨૭/૧ થી ૧/૨૭/૧૪૦ | લુવારીયા દરવાજા, ચાર નળવાળી શેરી, ખોડીયારનગર, મેઈન રોડ |
| | ૨૮ | ૬૫૬ | ૦ | ૭૯૬ | ૧/૨૮/૧ થી ૧/૨૮/૨૧૫ | ખોડીયારનગર, પ્રતાપગઢ રોડ, સ્મશાન રોડ, વણકરવાસ |
| | કુલ | ૮૪૦ | ૦ | ૩૧૩૮ | | |

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

સર્વે નં.૫૫૯ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતા ઉત્તરની હદે–હદે સર્વે નં.૫૫૮ ખોડીયાર નગર, વણકરવાસ, લુવારીયા દરવાજા પ્રાથમિક શાળા, સર્વે નં.૪૦,૪૧,૭૭ સુધી કલાપી સમાધી સ્મશાન રોડ, પ્રતાપગઢ રોડને સમાવિષ્ટ કરી સર્વે નં.૭૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં પૂર્વની હદે–હદે સર્વે નં.૩૦૬/૧ આસોદર રોડ સર્વે નં.૩૦૬/૨/૩/૮ સર્વે નં.૩૦૯ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દક્ષિણની હદે–હદે સર્વે નં.૩૨૦/૧, ૩૨૦/૨, ૩૩૦/૧, ૩૩૦/૨, ૩૬૩, ૬૭૬/૬ થી ૪૭૮/૧, ૪૭૭, ૪૭૬/૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ પશ્ચિમની હદે–હદે સર્વે નં.૪૯૯, ૫૦૧/૧/૨, ૫૦૨, ૫૦૩/૩/૨, ૫૦૩/૧, ૫૦૪, ૪૯૬, ૫૩૩/૨, ૫૩૪, ૫૬૦ પેટ્રોલપંપ, ગાયત્રી પી.ટી.સી.કોલેજ, ભીડભંજન મંદિર, વિજય હનુમાન વિસ્તારને સમાવિષ્ટ કરી સર્વે નં.૫૫૯ વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

( મહેશ જોશી )
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

## અનુસૂચિ–૨

# રાજ્ય ચૂંટણી આયોગ
## ગુજરાત રાજ્ય
## ગાંધીનગર

| | | |
|---|---|---|
| **લાઠી** નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૨૧૧૭૩ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૬ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૩૫૨૮ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૩૮૮૦<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૧૭૬ |
| બેઠકોની સંખ્યા | ૨૪ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૨ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૨ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૨ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| કુલ અનામત બેઠકો | ૧૪ | |
| સામાન્ય બેઠકો | ૧૦ | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૬૧૪ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨ | ૩૫૮૭ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૩ | ૩૭૯૫ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૪ | ૪ | ૩૭૨૭ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૩૩૧૨ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૩૧૩૮ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| | કુલ | ૨૧૧૭૩ | | | | |

( મહેશ જોશી )
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર